# માધ્યમિક શાળાઓમાં કાર્ય કરતાં શિક્ષણ સહાયકોના વ્યાવસાયિક વલણોનો અભ્યાસ

**Dr. Ajay A. Boricha**
Associate Professor
Smt. S. J. Sabva Shikshan Mahavidyalay
Botad.

Received Nov. 30, 2014 Accepted Dec. 14, 2014

**ABSTRACT** પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શાળાઓમાં કાર્ય કરતાં શિક્ષણ સહાયકોના વ્યાવસાયિકવલણોના અભ્યાસ માટેહાથ ધર્યો હતો. અભ્યાસનાં હેતુ શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોનો તેમની જાતિયતાં, વિસ્તારના તેમજ તેમની સામાજિક સંવર્ગ નાં સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. વ્યાવસાયિક વલણ માપદંડ પર માહિતી એકત્રીકરણ બાદ વ્યાવસાયિક વલણ માપદંડ પર શિક્ષણ સહાયકોએ મેળવેલા પ્રાપ્તાંકોના આધારે સરાસરી, પ્રમાણ વિચલન, વિરૂપતા કકુદતા જેવી અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનમાંમાધ્યમિક શાળાઓમાં કાર્ય કરતા શિક્ષણ સહાયકો એટલે નિદર્શનાં મોટાભાગનાં શિક્ષણ સહાયકો તેમનાં વ્યવસાય પ્રત્યે હકારાત્મક વલણ ધરાવે છે. જ્યારે ચોથા ભાગનાં શિક્ષણ સહાયકો સંપૂર્ણ હકારાત્મક વલણ ધરાવે છે. પુરૂષ શિક્ષણ સહાયકો અને સ્ત્રી શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. અનામત વર્ગનાં શિક્ષણ સહાયકો અને બિન અનામત વર્ગનાં શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોમાં કોઈ સાર્થત તફાવત જોવા મળ્યો ન હતો. આ પ્રમાણે તારણો તારવવામાં આવ્યા હતા.

***Key words*** : શિક્ષણ સહાયકો, વ્યાવસાયિક વલણ .

**પ્રસ્તાવના :–**

શિક્ષણ એ કળા છે અને શિક્ષક એ કલાકાર છે. શિક્ષણ એ પરિવર્તનશીલ પ્રક્રિયા છે. શિક્ષણની આ પ્રક્રિયાએ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં સમાજ, વિદ્યાર્થી, શિક્ષક, શાળા, વાલીઓ વગેરે અગત્યનાં ઘટકો છે. જુદા–જુદા સમયે આ ઘટકો પૈકી કેટલાક ઘટકોનું મહત્વ વધ્યું હતું. આજે શિક્ષણની પ્રક્રિયાએ એક ધ્રુવી નહીં, દ્વિધ્રુવી નહી પણ ત્રિધ્રુવિય ગણવામાં આવે છે. જેમાં શિક્ષક, વિદ્યાર્થી, સમાજ એવા ત્રણ ધ્રુવો છે. શિક્ષણની પ્રક્રિયામાં શિક્ષકનો ફાળો અગત્યનો છે. દેશની મહામુલી મૂડી સમા બાળકો માટે યોગ્ય મિત્ર, શુભેચ્છક અને માર્ગદર્શકની ભૂમિકા ભજવવા માટે શિક્ષકનું મહત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે.

જ્યાં સુધી યોગ્ય વલણવાળા શિક્ષકો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી કેળવણીની ગુણવત્તાની જાળવણી કે સુધારણા કરવી મુશ્કેલ છે. માધ્યમિક શાળામાં કાર્ય કરતા શિક્ષકો એ ભારતનાં ભાવિ નાગરીકોના ઘડતરમાં મહત્વનો ફાળો આપનાર વાહક પરિબળ છે. તે બાળકને શિક્ષણનાં પંથે જઈ લોકશાહીનાં સદા શીખતા નાગરીકો બનાવે

છે. તેઓ તેમના પુખ્ત વનમાં પડકારોને પહોંચી વળવા માટે વલણો, આવડતો, કૌશલ્યો આપે છે.

શિક્ષણ સહાયકોની યોજના ગુજરાત સરકારે અમલી બનાવેલી એક નવા પ્રકારની યોજના છે. તેમાં શિક્ષકને પાંચ વર્ષ સુધી નિયત વેતન અપાય છે. પાંચ વર્ષ પછી આ શિક્ષકોને પુરો પગાર આપવાની યોજના છે. આ પરિણામે બી.એડ્. થયેલ બેકાર વ્યકિતઓને વ્યવસાય મળ્યો છે તે હકારાત્મક બાબત છે. પરંતુ શિક્ષકને આનાથી અસંતોષ છે. આ પરિસ્થિતિની તેમના વ્યવસાય પ્રત્યેનાં વલણો ઉપર કોઈ અસર કરે છે કે નહિ. આ જાણવાના હેતુથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

**અભ્યાસનાં હેતુઓ :–**

૧. શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોનો અભ્યાસ કરવો.

૨. શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોનો તેમની જાતિયતાનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

૩. શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોનો તેમની સામાજિક સંવર્ગ (અનામત અને બિન અનામત) સંદર્ભમાં અભ્યાસ કરવો.

૪. શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોનો તેમનાં વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ :–**

૧. સ્ત્રી અને પુરૂષ શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

૨. અનામત અને બિનઅનામત વર્ગના શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહી હોય.

૩. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહી હોય.

**અભ્યાસનું મહત્વ :–**

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણો કેવા છે તેમને સીધે સીધા સ્પર્શે છે. શિક્ષણને આવશ્યક અને મહત્વનો વ્યવસાય ગણવામાં આવ્યો છે. શિક્ષકોનું તેમનાં વ્યવસાય પ્રત્યે જ્ઞાન, આવડત તેમજ શિક્ષણ દ્વારા મેળવેલ સફળતા વગેરે બાળકનાં ઘડતરમાં ખૂબ જ ઉપયોગી છે. શિક્ષક એ દેશનાં નાગરીકો ઘડે છે. આથી શિક્ષકોનું વલણ દેશનાં નાગરીકો ઘડવામાં કેવું છે. તે જાણવા માટે આ સંશોધન મહત્વનું છે.

માધ્યમિક શાળાઓમાં કાર્ય કરતા શિક્ષણ સહાયકો માટે જાતિ પણ વલણ ઘડતર માટે અગત્યું પરિબળ છે. પ્રસ્તુત અભ્યાસ દ્વારા વલણો પર જાતિની અસર પણ તપાસી શકાશે. આ ઉપરાંત સામાજિક સંવર્ગ અને વિસ્તારના સંદર્ભે શિક્ષણ સહાયકોનાં શિક્ષણનાં વ્યવસાય પ્રત્યે કેવું વલણ ધરાવે છે. તે પણ પ્રસ્તુત સંશોધન દ્વારા જાણી શકાશે.

**શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા :–**

**(૧) શિક્ષણ સહાયકો :–**

ગુજરાત સરકાર દ્વારા પાંચ વર્ષ માટે નિયત પગારથી

માધ્યમિક શાળાઓમાં સહાયક શિક્ષક તરીકે શૈક્ષણિક કામ માટે જેમની ભરતી ગુણવત્તાને આધારે કરવામાં આવી છે તે શિક્ષકો એટલે શિક્ષણ સહાયકો.

**(૨) વ્યાવસાયિક વલણ :–**

માધ્યમિક શાળાઓનાં શિક્ષણ સહાયકોએ વ્યાવસાયિક વલણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો એટલે વ્યાવસાયિક વલણ.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી :–**

પ્રસ્તુત અભ્યાસ માટેનું વ્યાપવિશ્વ ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૩ માં શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષણ સહાયકોને ગણવામાં આવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસ માટે નમૂના તરીકે ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળામાં વર્ષ ૨૦૧૩ માં શૈક્ષણિક કાર્ય કરતા ૫૦ શિક્ષણ સહાયકોનો યાદિચ્છિક નમૂના પસંદગી દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ૨૫ સ્ત્રી શિક્ષણ સહાયકો અને ૨૫ પુરૂષ શિક્ષણ સહાયકોની પસંદગી કરવામાં આવી હતી. આ સંશોધનમાં ૨૫ ગ્રામ્ય વિસ્તારના ૨૫ શહરી વિસ્તારના શિક્ષણ સહાયકોની પસંદગી કરવામાં આવી હતી. આ સંશોધનમાં સામાજિક સંવર્ગના ચલનાં ઉકેલ માટે ૨૭ અનામત અને ૨૩ બિનઅનામત શિક્ષણ સહાયકોની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**અભ્યાસનું ઉપકરણ :–**

પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શાળાઓમાં કામ કરતાં શિક્ષણ સહાયકોનાં શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણો જાણવા માટે કરવામાં આવ્યો હોવાથી ઉપકરણની રચના કરવામાં આવી હતી. આ વલણ માપદંડ પંચબિંદુ આધારિત લિકર્ટ પદ્ધતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. આ વલણ માપદંડમાં ૧૬ હકારાત્મક વિધાનો અને ૧૪ નકારત્મક વિધાનો રાખવામાં આવ્યા હતા. જેમાં પ્રત્યેક વિધાનમાં સંપૂર્ણ સંમત, સંમત, તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત એવા પાંચ વિકલ્પો આપવામાં આવ્યા હતાં. જેનું ગુણાંકન હકારાત્મક વિધાનો માટે ૫, ૪, ૩, ૨ અને ૧ જ્યારે નકારાત્મક વિધાનો માટે ૧, ૨, ૩, ૪ અને ૫ મુજબ કરવામાં આવ્યું હતું.

**માહિતી એકત્રીકરણ :–**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા વ્યાવસાયિક વલણ માપદંડના પ્રમાણિકરણ માટે માધ્યમિક શાળાઓનાં શિક્ષણ સહાયકો પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ માટે જે તે માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ પાસેથી શિક્ષણ સહાયકોના પ્રતિચારો મેળવવા માટે પૂર્વ મંજુરી મેળવવામાં આવી હતી. પૂર્વ મંજુરી મેળવવા બાદ સંશોધકે નિયત સમયે શિક્ષણ સહાયકોને વ્યાવસાયિક વલણ માપદંડની પૂરવણી માટે ૪૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો.

**માહિતીનું પૃથ્થકરણ :–**

વ્યાવસાયિક વલણ માપદંડ પર માહિતી એકત્રીકરણ બાદ સંશોધક દ્વારા તે માહિતીનું

અંકશાસ્ત્રીય પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. વ્યાવસાયિક વલણ માપદંડની વિશ્વસનીયતા અને યર્થાથતા શોધવામાં આવી હતી. વ્યાવસાયિક વલણ માપદંડ પર શિક્ષણ સહાયકોએ મેળવેલા પ્રાપ્તાંકોના આધારે સરાસરી, પ્રમાણ વિચલન, વિરૂપતા કકુદતા જેવી અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી. આ માટે કમ્પ્યુટર પ્રોગ્રામ NRT ૨૦૦૦ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયકોની જાતીયતા સામાજિક સંવર્ગ અને શાળા વિસ્તાર સંદર્ભે પ્રાપ્ત થયેલાં પ્રાપ્તાંકોની સરાસરી તફાવતની સાર્થકતા ચકાસવા માટે ત – ગુણોતરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું આ માટે કમ્પ્યુટર પ્રોગ્રામ ક.કકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**અભ્યાસના તારણો :–**

પ્રસ્તુત સંશોધનમાં તારણો નીચે પ્રમાણે તારવવામાં આવ્યા હતા.

૧. માધ્યમિક શાળાઓમાં કાર્ય કરતા શિક્ષણ સહાયકો એટલે નિદર્શનાં મોટાભાગનાં શિક્ષણ સહાયકો તેમનાં વ્યવસાય પ્રત્યે હકારાત્મક વલણ ધરાવે છે. જ્યારે ચોથા ભાગનાં શિક્ષણ સહાયકો સંપૂર્ણ હકારાત્મક વલણ ધરાવે છે.

૨. પુરૂષ શિક્ષણ સહાયકો અને સ્ત્રી શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

૩. અનામત વર્ગનાં શિક્ષણ સહાયકો અને બિન અનામત વર્ગનાં શિક્ષણ સહાયકોનાં વ્યાવસાયિક વલણોમાં કોઈ સાર્થત તફાવત જોવા મળ્યો ન હતો.

૪. ગ્રામ્ય વિસ્તારનાં શિક્ષણ સહાયકો અને શહેરી વિસ્તારનાં શિક્ષણ સહાયકોના વ્યાવસાયિક વલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

**સંદર્ભસૂચિ**

ચૌધરી કે.જે. (૧૯૯૧). બી.એડ્.ના તાલામાર્થીઓ અને શાળામાં કામ કરતા શિક્ષકોના શિક્ષણ વ્યવસાય પરત્વેના વલણોનો તુલનાત્મક અભ્યાસ. અપ્રકાશિત શોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

શાહ નીપ (૧૯૯૭). ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણોનો અભ્યાસ. અપ્રકાશિત શોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

શીર સ.ડી. (૧૯૯૭). ગુજરાત યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના વ્યાવસાયિક વલણોનો તુલનાત્મક અભ્યાસ. અપ્રકાશિત શોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.